Extra No. 9

વાર્ષિક લવાજમનો દર રૂા. ૪૦૦૦/-

©

सत्यमेव जयते

# The Gujarat Government Gazette

## EXTRAORDINARY

PUBLISHED BY AUTHORITY

Vol. LX ] WEDNESDAY, FEBRUARY 6, 2019/MAGHA 17, 1940

Separate paging is given to this Part in order that it may be filed as a Separate Compilation.

## PART I-A

## CENTRAL SECTION

**Orders and Notifications (Other than those published in Part IV-B) under the Gujarat Local Boards, Village Panchayats, Municipal Boroughs, District Municipal, Primary Education and Local Fund Audit Acts.**

## GANDHINAGAR MUNICIPAL CORPORATION

**Notification**

06th February, 2019

**Ref.:GMC/VehicleTax-File-13/2018-19/1162**

**RECOVERY OF LIFETIME VEHICLE TAX ON FIRST TIME PURCHASE OF VEHICLE BEING REGISTERED WITHIN GANDHINAGAR MUNICIPAL CORPORATION JURISDICTION**

**READ :**

01. Recovery of Lifetime vehicle tax within jurisdiction of Gandhinagar Municipal Corporation pursuant to Resolution no.37 dated 17/02/2018 passed by General Body meeting of Gandhinagar Municipal Corporation.

02. Proposal dated 01-03-2018 forwarded to Department of Urban Development and Urban Housing, Gujarat State for Government approval.

Section 99 of the Gujarat Provincial Municipal Corporation Act, 1949 empowers Municipal Corporation to fix and recover vehicle tax as per Section 142. Rules 31 and 32 stipulates rules for recovery of taxes under Chapter-8 of the Act.

Thus, as approved vide Resolution no.37 passed by General Body meeting dated 17/02/2018 and Resolution No.319 of Gandinagar Municipal Corporation regarding recovery of vehicle tax under provisions of the abovereferred Sections and Rules, recovery of vehicle tax is to commence on and from 01/04/2018 at the rates of taxes to be collected as under:

| Sr.No. | Types of vehicles | Life Time Tax Rates |
|---|---|---|
| 1 | Scooter, Motorcycle and any type of two-wheelers | 2% of the basic price |
| 2 | All types of vehicles such as Auto-rickshaw, Loading rickshaw, motorcar and Jeep of basic price – | |
| | A. Upto Rs.5,00,000/- | 2% of basic price |
| | B) Rs.5,00,001/ to Rs.10,00,000/- | 2.25% of basic price |
| | C) Above Rs.10,00,001/- | 2.50% of basic price |
| 3 | Metador, Mini Bus, Truck, Buses and other Heavy Motorized Machinery | 2.50% of basic price |
| 4 | CNG fueled vehicle (with company fitting CNG kit at the time of registration) | 50% concession in vehicle tax. |
| 5 | Electric Vehicles (with electric battery) | Fully exempted from payment of vehicle tax. |

Rules and regulations governing collection of vehicle tax at the rates stipulated above will be as per the Appendix.

**-:: APPENDIX ::-**

**Vehicle Tax Rule**

The rules and regulations for collector of Vehicle Tax are as follows:-

01. Tax Branch of Gandhinagar Municipal Corporation shall, for the purpose of recovery of vehicle tax to be collected, make following necessary arrangements in compliance of the rules :-

- Issue a lifetime waiver token / receipt by collecting fees as per rules.
- Refund the amount of the vehicle tax paid twice on a single vehicle.
- Vehicle Tax on transfer of vehicle from outside the jurisdiction shall be recovered by assessing the same at the time of transfer by Gandhinagar Regional Transport Office.

02. Powers and duties of officers and employees:

The duties of Head of Department include exercising his powers to take decisions of issue of waiver tokens, refund and police matters. Other routine functions have to be discharged by clerical staff under supervision of the Tax Officer / House Tax Officer.

03. Procedure to be followed for taking decisions:

The Head of Department decides policy matters after examining particulars of the case. Tax Officer / House Tax Officer (vehicle tax) can take decisions in other daily routine functions.

04. Parameters set for discharging duties :

The Vehicle Tax will be levied in accordance with provisions of the Gujarat Provincial Municipal Corporation Act-1949 and at the rates so fixed by Gandhinagar Municipal Corporation subject to approval by the State Government of Gujarat.

05. Rules to be followed in discharge of duties :

All functioning in this regard shall be in accordance with the Gujarat Provincial Municipal Corporation Act-1949 and approval by the State Government of Gujarat.

06. In addition, all those vehicles which are intended to be used within jurisdiction of Gandhinagar Municipal Corporation will have to pay vehicle tax before registration with Regional Transport Office. A Token / receipt will be issued acknowledging payment of vehicle tax in the format so specified at Page No.N/16 and on production of such receipt,

developed by Ahmedabad Municipal Corporation for collection of vehicle tax required to be developed/installed for use by Gandhinagar Municipal Corporation as well and follow the procedure accordingly for collection of vehicle tax.

07. Following the practice adopted by Ahmedabad Municipal Corporation, payment of vehicle tax to be accepted in Cash or through Demand Draft only so as to avoid any difficulties in collection of vehicles tax in case of dishonoring of cheques to be followed by consequential action of cancellation of token/receipt, trace the owner, recover vehicle tax again etc.

08. Apart from this, exemption from payment of vehicle tax will also have to be granted under section 134 of the Gujarat Provincial Municipal Corporation Act-1949. Accordingly, exemption from payment of vehicle tax shall be granted under section 143 of the Act to all those vehicles owned by the Corporation, Government vehicles to be used for public utility purpose only, vehicles intended to be used only for transportation of injured, sick or dead persons on free of charge, vehicles used for transportation of handicapped persons.

09. In the event of missing of receipt of vehicle tax by any taxpayer, following the procedure followed by Ahmedabad Municipal Corporation to issue duplicate receipt on payment of charge of Rs.100 for duplicate receipt, Gandhinagar Municipal Corporation will also issue duplicate receipt on payment of charges as in case of Ahmedabad Municipal Corporation.

10. Vehicle Tax will be received at prescribed rates subject to approval by Gandhinagar Municipal Corporation and State Government. The elected wing and administrative wing of Gandhinagar Municipal Corporation have to seek approval of the State Government for fixation of rates of vehicle tax.

The Gandhinagar Municipal Corporation Recovery of Lifetime Vehicle Tax Rules shall be published in Government Gazette under section 455(2) of the Act.

**Sd/- Illegible,**
Tax Officer

**Sd/- Illegible,**
Deputy Municipal Commissioner

**DR. RATANKANVAR H. GADHVICHARAN,**
Municipal Commissioner

## ગાંધીનગર મ્યુનિસિપલ કોર્પોરેશન

## જાહેરનામું

તારીખ ૬ઠ્ઠી ફેબ્રુઆરી, ૨૦૧૯

ક્રમાંક: ગાં.મ.ન.પા./વાહનવેરા-ફા-૧૩/૨૦૧૮-૧૯/૧૧૬૨

ગાંધીનગર મહાનગરપાલિકા વિસ્તારમાં નોંધણી થતા
વાહનોની આજીવન વાહનવેરા વસુલાત કરવા બાબત

વંચાણે લીધાઃ

૦૧. ગાંધીનગર મહાનગરપાલિકાનાં સામાન્ય સભાના ઠરાવ નં. ૩૭,તા.૧૭/૦૨/૨૦૧૮ને ધ્યાને લઇ મહાનગરપાલિકા હદ વિસ્તારમાં આજીવન વાહનવેરો વસુલ કરવા બાબત

૦૨. ગુજરાત રાજ્ય શહેરી વિકાસ અને શહેરી ગૃહ નિર્માણ વિભાગમાં તા.૦૧/03/૨૦૧૮ના રોજ કરેલ સરકારશ્રીની મંજુરી માટેની દરખાસ્ત

ગુજરાત પ્રોવિન્શિયલ મ્યુનિસિપલ કોર્પોરેશન એક્ટ-૧૯૪૯ની કલમ ૯૯ મુજબ મહાનગરપાલિકા દ્વારા કરના દર નક્કી કરી કલમ ૧૪૨ મુજબ વાહનવેરો વસુલ કરી શકાય. આ ઉપરાંત પ્રકરણ-૦૮માં વેરો વસુલવા અંગેના નિયમો ૩૧ અને ૩૨માં દર્શાવેલ છે.

આમ, ઉપરોક્ત કલમો તથા નિયમો મુજબ વાહનવેરો વસુલવા અંગે સામાન્ય સભાનાં ઠરાવ નં. ૩૭, તા.૧૭/૦૨/૨૦૧૮,અને ઠરાવ અંક ૩૧૯ની મંજુરી અનુસાર તા.૦૧/૦૪/૨૦૧૮ના રોજથી વાહનવેરો વસુલવાનો થાય. જે વાહનવેરા વસુલવા અંગેની વિગતો નીચે મુજબ છે.

| અ.નં. | વાહનનો પ્રકાર | આજીવન કરનો દર રૂ. |
|---|---|---|
| ૧ | સ્કુટર, મોટર સાઈકલ અને થ્રીચક્રી વાહનો | બેઝીકના પ્રાઈઝના ૨% લેખે |
| ૨ | દરેક પ્રકારના વાહનો જેવા કે ઓટોરિક્ષા, લોડીંગ રિક્ષા, મોટરકાર તથા જીપ જેની બેઝીક પ્રાઈઝ<br>(એ) રૂ. ૫,૦૦,૦૦૦/- સુધી | બેઝીકના પ્રાઈઝના ૨% લેખે |
| | (બી) રૂ. ૫,૦૦,૦૦૧/- થી રૂ. ૧૦,૦૦,૦૦૦/- સુધી | બેઝીકના પ્રાઈઝના ૨.૨૫% લેખે |
| | (સી) રૂ. ૧૦,૦૦,૦૦૧/- થી ઉપર | બેઝીકના પ્રાઈઝના ૨.૫૦% લેખે |
| 3 | મેટાડોર-મીની બસ, ટ્રક તથા મોટી બસ અન્ય હેવી મોટરાઈઝડ મશીનરી | બેઝીકના પ્રાઈઝના ૨.૫૦% લેખે |
| ૪ | જો કોઈ વાહન સી.એન.જી. નોંધણી સમયે (કંપની ફીટિડ) ઇંધણવાળું હોય તો જ | વાહનવેરા કરની ૫૦% રાહત |
| ૫ | વિજાણું વાહન (ઇલેક્ટ્રિક બેટરી વાળું) હોય તો | સંપૂર્ણ વાહનવેરો મુક્ત |

તથા ઉપરોક્ત પત્રક મુજબ વાહનવેરો વસુલવા અંગેના નીતિ નિયમો પરિશિષ્ટ મુજબ રહેશે.

## ::- પરિશિષ્ટ -::

## વાહનવેરા નીતિ નિયમો

વાહનવેરો વસૂલવાના નીતિ નિયમો નીચે મુજબ છે.

(૧) ગાંધીનગર મહાનગરપાલિકા ટેક્ષશાખા દ્રારા વસૂલવામાં આવતા વ્હીકલ ટેક્ષ બાબતે જરૂરી વ્યવસ્થા તથા નિયમ અનુસાર નીચેની કામગીરી કરવાની રહેશે.

- નિયમાનુસાર ફી વસુલીને લાઈફટાઈમ માફી ટોકન/રસીદ ઈસ્યુ કરવા.
- એક વાહન પર બે વખત ભરાયેલ વ્હીકલ ટેક્ષની રકમનું રીફંડ આપવું.
- બહારગામના વાહનોનું આર.ટી.ઓ. માં ટ્રાન્સફર સમયે એસેસમેન્ટ કરી વ્હીકલ ટેક્ષ વસુલ કરવામાં આવશે.

(૨) અધિકારીઓ અને કર્મચારીઓની સત્તાઓ અને ફરજો:
ઉપરોક્ત ફરજોમાં માફી ટોકન ઈસ્યુ, રીફંડ તેમજ નીતિ વિષયક બાબતોમાં નિર્ણય લેવાની સત્તા ખાતાના વડાની હોય છે. અન્ય રોજબરોજની કામગીરી ટેક્ષ ઓફીસર/હાઉસ ટેક્ષ ઓફીસરની દેખરેખ હેઠળ કલેરીકલ સ્ટાફે બજાવવાની હોય છે.

(૩) નિર્ણય લેવાની પ્રક્રિયામાં અનુસરવાની કાર્યરીતી:
નીતિ વિષયક બાબતોમાં ખાતાના વડા કેસની વિગતો ચકાસી નિર્ણય લે છે. અન્ય રોજબરોજની કામગીરીમાં ટેક્ષ ઓફીસર/હાઉસ ટેક્ષ ઓફીસર(વ્હીકલ ટેક્ષ) નિર્ણય લઈ શકશે.

(૪) કાર્યો બજાવવા માટે નક્કી કરેલા ધોરણો:
વ્હીકલ ટેક્ષ જી.પી.એમ.સી. એક્ટની જોગવાઈઓ અનુસાર અને ગાંધીનગર મહાનગરપાલિકાની તથા રાજ્ય સરકારશ્રીની મંજૂરીને આધિન નક્કી કરેલ દરે વસુલવામાં આવશે.

(૫) કાર્ય બજાવવા માટે ઉપયોગમાં લેવાતા નિયમો,

જી.પી.એમ.સી. એક્ટ પ્રમાણે અને રાજ્ય સરકારશ્રીની મંજૂરીને આધિન કાર્યો બજાવવામાં આવશે.

(૬) આ ઉપરાંત ગાંધીનગર મ્યુનિસિપલ કોર્પોરેશનમાં તેની હદ વિસ્તારમાં વાહન ઉપયોગ કરવા માટે રાખવામાં આવે ત્યારે તેવા વાહનો પર કર લેવામાં આવે છે જે મુજબ RTO માં રજિસ્ટ્રેશન માટે (વાહન નોંધણી માટે) આવે તે પહેલા વાહનવેરો વસુલ કરવામાં આવશે. જેનું વાહનવેરો ભર્યા અંગેનુ ટોકન/રસીદ આપવામાં આવશે જેનો નમૂનો પેજ નં N/16 પર સામેલ છે જેની રસીદ બતાવ્યેથી RTO માં વાહનની નોંધણી કરવામાં આવે છે, જેથી વાહનવેરા માટે અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશનમાં વાહનવેરાનું સોફ્ટવેર DEVLOP કરાવામાં આવ્યુ છે તેવું સોફ્ટવેર ગાંધીનગર મહાનગરપાલિકામાં પણ વિકસાવવાનું/લાવવાનું થાય. તથા તે પ્રોસેઝર મુજબ વાહનવેરો વસુલ કરવાનો થાય.

(૭) વાહનવેરો વસુલવામાં તકલીફ ન પડે તે હેતુથી તથા ચેક રીટર્ન થાય તો ટોકન/રસીદ કેન્સલ કરવી, તે વાહન માલિકને શોધવા જવો, ફરી વાહનવેરો વસૂલ કરવો વગેરે મુદ્દા ઓને કારણે અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશનની જેમ ગાંધીનગર મહાનગરપાલિકામાં પણ વાહનવેરો ફક્ત કેશ(રોકડ) તથા ડીમાન્ડ ડ્રાફ્ટ(ડીડી) દ્વારા વસુલીએ.

(૮) આ ઉપરાંત જી.પી.એમ.સી.ની કલમ ૧૪૩ મુજબ વાહનવેરામાંથી મુક્તિ પણ આપવાની થશે. જે મુજબ કોર્પોરેશનના માલિકીના વાહનો, સરકારી વાહનો કે જેનો માત્ર સાર્વજનિક હેતુ સર ઉપયોગ થતો હોય, ઈજા પામેલ, માંદા અથવા મૃત્યુ પામેલી વ્યક્તિઓને મફત લાવવા લઈ જવા માટે માત્ર વાપરવાનો ઈરાદો હોય તેવા વાહનો, અપંગ વ્યક્તિઓને લાવવા લઈ જવા માટે ઉપયોગમાં લેવાતા વાહનો વગેરે કલમ-૧૪૩ મુજબના વાહનોને વેરામાંથી મુક્તિ આપવાની થશે.

(૯) જો કોઈ કરદાતાની વાહનવેરાની રસીદ ખોવાઈ જાય કે ગુમ થઈ જાય તેવા કિસ્સામાં અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશન દ્વારા ડુપ્લીકેટ રસીદ માટે કરદાતા અરજી કરેતો ડુપ્લીકેટ રસીદ રૂ.૧૦૦ નો ચાર્જ લઈ કોપી આપવામાં આવે છે તે મુજબ ગાંધીનગર મહાનગરપાલિકામાં ડુપ્લીકેટ રસીદ માટેઅમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશન મુજબ ચાર્જ લઇ ડુપ્લીકેટ રસીદ આપવાની થાય.

(૧૦) વ્હીકલ ટેક્ષ ગાંધીનગર મહાનગરપાલિકાની અને રાજ્ય સરકારશ્રીની મંજૂરીને આધીન નક્કી કરેલ ધોરણે વસુલવામાં આવશે. ગાંધીનગર મહાનગરપાલિકામાં ચુંટાયેલી પાંખ અને વહીવટી પાંખ દ્વારા વ્હીકલ ટેક્ષના દરો નક્કી કરવા રાજ્ય સરકારશ્રીની મંજૂરી માંગવાની રહેશે.

ગાંધીનગર મહાનગરપાલિકા વાહનો ઉપર લેવામાં આવતા આજીવન કર વસુલ કરવા સંબધમાં અધિનિયમની કલમ ૪૫૫(૨) હેઠળ રાજ્યપત્રમાં પ્રસિધ્ધ કરવાના રહેશે.

| | | |
|---|---|---|
| **(સહી) અવાચ્ય,** | **(સહી) અવાચ્ય,** | **ડૉ. રતનકંવર એચ. ગઢવીચારણ,** |
| ટેક્ષ ઓફિસરશ્રી | નાયબ મ્યુનિસિપલ કમિશનરશ્રી | મ્યુનિસિપલ કમિશનરશ્રી |

----------